
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૯૮ | ૨૭ ઓગસ્ટ, ૨૦૨૩, રવિવાર; બીજો શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# ૨૩ ઓગસ્ટ નેશનલ સ્પેશ ડે તરીકે ઉજવાશે

**ઈસરોએ કરેલી મહેનત અને સાધના દેશવાસીઓને ખબર પડે તે માટે અને આ ચંદ્રયાન-૩ની યાત્રા સરળ નહોતી તો પોતાની તપસ્યા અને સાધના અને મહેનત કામે લગાડી છે તે કર્મચારીઓ અને તેમના પરિશ્રમને સલામ છે, તમને આ પ્રસંગે અભૂતપૂર્વ સફળતા માટે તમામ દેશવાસીઓ વતી સલામ કરવા આવ્યો છુ, સમગ્ર વિશ્વને ઈસરોએ ભારતે ચંદ્રની તસ્વીર બતાવી છે, જે જગ્યાએ ચંદ્રયાન-૩નું સફળ ઉતરાણ થયું છે તે જગ્યાને આજ પછી શિવશક્તિ પોઈન્ટ તરીકે ઓળખવામાં આવશે ત્યારે ચંદ્રયાન-૨ જે જગ્યાએ પગ ચિન્હ છોડયા છે તેને તિરંગા કહેવામાં આવશે તથા જે વૈજ્ઞાનિકોએ મેક ઈન ઈન્ડિયાને અંતરિક્ષ સુધી પહોંચાચ્યું છે તે તમામને વંદન : વડાપ્રધાન નરેન્દ્ર મોદી**







બેંગલુરૂ, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજરોજ સ્પેનથી સીધા બેંગલુરૂ પહોંચ્યા હતા અને ત્યાં ઈસરોની ઓફિસમાં પહોંચીને ચંદ્રયાન-૩ના સફળ સંચાલક એવા વૈજ્ઞાનિકોને હૃદયપૂર્વકના અભિનંદન આપીને બિરદાવ્યા હતા. ઉપસ્થિત વૈજ્ઞાનિક ટીમને સંબોધતા વડાપ્રધાને જણાવ્યુ હતુ કે ભારત આવવાની સાથે સૌ પ્રથમ આપ સૌના દર્શન કરવાની અને આપ સૌને સલામી પાઠવવાની મારી ઈચ્છા હતી. આપની મહેનતને સલામ છે આપની જીવંતતાને સલામ છે, આપની લગનને સલામ છે આટલુ કહેતા વડાપ્રધાનની આંખો ભરાઈ આવી હતી. તેઓએ વધુમાં જણાવ્યુ કે આપ સૌ દેશને જે ઊંચાઈ પર લઈ ગયો છો એ સાધારણ નથી. આપણે ત્યાં પહોંચ્યા છે કે જ્યાં અગાઉ કોઈ પહોંચ્યુ નથી. આપે એવુ કર્યુ છે જે અગાઉ કોઈએ કર્યુ નથી.

આ આજનુ ભારત છે, નિર્ભિક ભારત છે આ એ ભારત છે જે કંઈક નવુ વિચારે છે, નવા તરીકાથી વિચારે છે. તમે સૌએ ડાર્કઝોનમાં જઈને તમે દુનિયાને રોશનીના દર્શન કરાવ્યા છે. ૨૧મી સદીમાં દુનિયાની મોટામા મોટી સમસ્યાઓનો સમાધાન આપણે કરીશુ. ૨૩મી ઓગષ્ટે જેવુ યાન લેન્ડ થયુ કે આખો દેશ આનંદથી ઉછળી પડ્યો હતો. એ દશ્ય કોણ ભુલી શકે? કેટલીક સ્મૃર્તિઓ અમર હોય છે અને ચંદ્ર પર ઉતરાણની એ પળ પણ અમર બની ગઈ છે. જે સદીઓ સુધી પ્રેરણા આપતી રહેશે. દૃઢ ઈચ્છાશક્તિ હોય તો સફળતા મળે જ છે એ બાબત આપે સાબિત કરી આપી છે.

તમારા સૌના પ્રયત્નોથી આજે ભારત દુનિયાનો એવો ચોથો દેશ બની ગયો છે કે જેણે ચંદ્રને સ્પર્શી લીધુ છે. આ સફળતા મોટી એ માટે લાગે છે કે આપણે શરૂઆત ક્યાંથી કરી હતી તેની આપણને ખબર છે. એક વખત ભારત પાસે જરૂરી ટેકનીક નહોતી. આપણી ગણતરી ત્રીજા દેશ (એટલે કે અવિકસીત દેશ)માં થતી હતી. એમાંથી બહાર નીકળીને આજે ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયુ છે. આજે ભારતની ગણતરી પ્રથમ પંક્તિમાં થાય છે. આ યાત્રામાં ઈસરો જેવી સંસ્થાની બહુ મોટી ભૂમિકા છે. આપે આજે મેક ઈન્ડિયાને ચંદ્ર સુધી પહોંચાડી દીધો છે. વડાપ્રધાને વધુમાં કહ્યુ કે ચંદ્રયાન-૨ જે સ્થાન પર પોતાના પગલા છોડ્યા છે તે સ્થળ હવે ત્રિરંગા પોઈન્ટ તરીકે આપણે ઓળખીશુ અને ચંદ્રયાન-૩ નું મુન લેન્ડર જ્યાં પહોંચ્યુ છે એ સ્થાન આજથી શિવશક્તિ કહેવાશે. પ્રધાનમંત્રીએ કહ્યુ કે તમે મોકલેલુ યાન ચંદ્રના રહસ્યો ખોલશે અને સાથે જ ધરતી પરના પડકારોનો ઉકેલ શોધવામાં પણ મદદ કરશે.

આપની આ સફળતા પર હું આપની આખી ટીમને અભિનંદન આપુ છુ. નરેન્દ્ર મોદીએ ગૌરવભેર અવાજે જણાવ્યુ કે ચંદ્રયાન-૩ નો લેન્ડર અંગતની જેમ પોતાના પગ મજબૂત રીતે ચંદ્ર પર જમાવ્યા છે. એક તરફ વિક્રમનો વિશ્વાસ છે, બીજી બાજુ પ્રજ્ઞાનનું પરાક્રમ છે. માનવ સભ્યતાના ઈતિહાસમાં પ્રથમવાર ચંદ્રની અગાઉ કોઈ દિવસ ન જોવાયેલી બાજુ તરફની તસ્વીરો ભારત વિશ્વને બતાવી રહ્યુ છે. આ બધુ તમે વૈજ્ઞાનિકોએ કરી બતાવ્યુ છે. આજે આખી દુનિયા ભારતીય વૈજ્ઞાનિકો, તેની ટેકનોલોજી, તેનો સાયન્ટીક ટેમ્પરામેન્ટનો સ્વિકાર કરી ચૂક્યુ છે.

## નવા ફોજદારી કાયદાઓને પાયાના સ્તરે લાગુ કરવા તૈયાર રહો : અમિત શાહ

**દેશના ઉચ્ચ પોલીસ અધિકારીઓને ગૃહમંત્રીની સુચના : બે દિવસીય રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચના પરિષદના સમાપન સત્રમાં, પોલીસગમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો**




નવી દિલ્હી

તા.૨૬. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે આજે દેશના ટોચના પોલીસ અધિકારીઓને સંબોધતા કહ્યું હતું કે તેઓએ સંસદમાં પસાર થયા પછી પાયાના સ્તરે નવા ગુનાહિત કાયદા લાગુ કરવા

● અનુસંધાન પાન-૭ પર

## આવકવેરા વિભાગ દ્વારા સુધારેલી વેબસાઈટ લોન્ચ

**ઈન્કમટેક્સની નવી વેબસાઈટ કરદાતાઓને નવી સુવિધાઓ જોડવાની સાથે મેગા મેનૂનો વિકલ્પ પણ આપશે**

નવી દિલ્હી, તા.૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)એ કરદાતાઓ માટે નવી ટેકનોલોજી સાથે તાલમેલ રાખવા માટે અને અનુભવને વધારવા આવકવેરા વિભાગની સુધારેલી વેબસાઈટ www.incometaxindia.gov.in લોન્ચ કરી છે.


આ નવી વેબસાઈટ કરદાતાઓને નવી સુવિધાઓ જોડવાની સાથે મેગા મેનૂનો વિકલ્પ પણ આપશે, જે હેઠળ યુઝર્સને મેનુમાં જ ઘણા વિકલ્પો મળશે. નવી વેબસાઈટ મોબાઈલ રિસ્પોન્સિવ લેઆઉટ અનુસાર તૈયાર કરવામાં આવી છે. આવકવેરા વિભાગની સુધારેલી વેબસાઈટ યુઝર્સને વિવિધ કાયદાઓની તુલના કરવાની મંજૂરી આપે છે. આ સિવાય વધારાના અને નવા બટનો પણ રજૂ કરવામાં આવ્યા છે. આવકવેરા વિભાગની સંશોધિત નેશનલ વેબસાઈટ www.incometaxindia.gov.inને ફ્રેન્ડલી ઈન્ટરફેસ, વેલ્યુ એડેડ સર્વિસ અને નવા મોડ્યુલો સાથે નવુ રુપ આપવામાં આવ્યું છે. ઉદયપુરમાં આવકવેરા નિર્દેશાલય દ્વારા આયોજિત 'ચિંતન શિવિર' ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)ના અધ્યક્ષ નીતિન ગુપ્તા દ્વારા નવી સુધારેલી વેબસાઈટ લોન્ચ કરવામાં આવી હતી. આ વેબસાઈટ કર અને અન્ય સંબંધિત માહિતીના વ્યાપક ભંડાર તરીકે સેવા આપે છે. આ વેબસાઈટ ડાયરેક્ટ ટેક્સ કાયદાઓ, અન્ય સંબંધિત અધિનિયમો, નિયમો, આવકવેરા પરિપત્રો, તમામ ક્રોસ-રેફરન્સ્ડ, હાઈપરલિંક્ડ અને સૂચનાઓ સુધી પહોંચ પ્રદાન કરે છે. આ સાઈટ 'ટેક્સપેયર્સ સર્વિસ મોડ્યુલ' પણ ઓફર કરે છે, જેમાં કરદાતાઓને તેમના આવકવેરા રિટર્ન ભરવામાં મદદ કરવા માટે ટેક્સ સાધનો ઉપલબ્ધ છે. વેબસાઈટના યુઝર્સની સુવિધા માટે આ તમામ નવી સુવિધાઓ વર્ચ્યુઅલ ટુર અને નવા બટન પ્રોમ્પ્ટ દ્વારા સમજાવવામાં આવી છે.

## તમિલનાડુમાં ચાલતી ટ્રેનમાં ભયંકર દુર્ઘટના, એક સાથે ૧૦ જીવતા ભૂંજાયા

**અન્ય ૨૦ લોકો ઘાયલ : કોચમાં લાગેલી આગ ખૂબ વિકરાળ હોવાથી ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો : ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલાક મુસાફરો ગેસ સિલિન્ડર લઈને પ્રવાસ કરતા હતા જેના કારણે ટ્રેનના કોચમાં આગ લાગી હતી**

નવી દિલ્હી, તા.૨૬

તમિલનાડુના મદુરાઈમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. મદુરાઈમાં ટ્રેનના કોચમાં ભીષણ આગ લાગી હતી. આ





અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત થયા છે. આ દરમિયાન ૨૦ અન્ય લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર, મદુરાઈ રેલ્વે સ્ટેશન નજીક બોડી લેનમાં પાર્ક કરેલી પ્રવાસી ટ્રેનમાં શનિવારે વહેલી સવારે આગ લાગી હતી. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કેટલાક મુસાફરો ગેસ સિલિન્ડર લઈને પ્રવાસ કરતા હતા જેના કારણે ટ્રેનના કોચમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગે વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. રેલવે તરફથી મળેલી માહિતી મુજબ આજે સવારે ૫.૧૫ વાગ્યે મદુરાઈ યાર્ડમાં પુનાલુર-મદુરાઈ એક્સપ્રેસના એક કોચમાં આગ લાગી હતી. ફાયર સર્વિસે પહોંચીને આગને કાબુમાં લીધી છે અને અન્ય કોચને કોઈ નુકસાન થયું નથી. દક્ષિણ રેલવેએ ટ્રેનમાં આગના કારણનો ખુલાસો કર્યો છે. રેલવેના જણાવ્યા અનુસાર પેસેન્જર દ્વારા ગુપ્ત રીતે ગેસ સિલિન્ડર લઈ જવાના કારણે આગ લાગી હતી. અધિકારીઓએ કહ્યું કે, પેસેન્જરે ગેસ સિલિન્ડર છુપાવીને ટ્રેનમાં લઈ જતાં સમગ્ર દુર્ઘટના ઘટી હતી. કોચમાં લાગેલી આગ ખૂબ વિકરાળ હોવાથી ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. દક્ષિણ રેલવેએ જણાવ્યું કે, શનિવારે સવારે ૫.૧૫ વાગ્યે આગ લાગી હતી અને અડધા કલાક બાદ ઘટનાસ્થળે પહોંચેલા ફાયર સર્વિસના જવાનોએ સવારે ૭.૧૫ વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટનાસ્થળે પથરાયેલી વસ્તુઓમાં સિલિન્ડર અને બટાકાની થેલીઓ અને રસોઈની અન્ય સામગ્રી પણ મળી આવી હતી. જેના કારણે અનુમાન છે કે પેસેન્જર કોચમાં રસોઈ બનાવી રહ્યાં હતા. આગ લાગવાનો વીડિયો પણ સામે

● અનુસંધાન પાન-૭ પર




## વર્લ્ડ કપ ક્રિકેટની ટિકિટ વેચાણની વેબસાઈટ પહેલા દિવસે જ ક્રેશ

નવી દિલ્હી, તા.૨૬

ભારત દ્વારા યોજાનારી ક્રિકેટની મેગા-ઈવેન્ટ વનડે વર્લ્ડ કપ ૫મી ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહી છે. આ પહેલીવાર છે જ્યારે સમગ્ર વિશ્વકપનું આયોજન ભારતમાં થવા જઈ રહ્યું છે. બીસીસીઆઈઆ મેગા ઈવેન્ટ માટે જોરદાર તૈયારીઓ કરી છે. વર્લ્ડ કપની ટિકિટો પણ વેચાઈ ગઈ છે, પરંતુ ભારે ટ્રાફિકને કારણે ઓફિશિયલ વેબસાઈટ પહેલા જ દિવસે ક્રેશ થઈ ગઈ હતી. જેના કારણે ક્રિકેટ ચાહકોને ટિકિટ બુક કરાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

**ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.**

**ચાંદખેડા શાખાનો નવિન મકાનમાં શુભારંભ (સ્થળાંતર)**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, અમારી ચાંદખેડા શાખા તા.૨૮-૦૮-૨૦૨૩ને સોમવારના રોજથી (હાલના સરનામે) ૧૫, નિલેશ એપાર્ટમેન્ટ, ચાંદખેડાથી **નીચે જણાવેલ નવા સરનામે** અદ્યતન સુવિધાયુક્ત નવિન મકાનમાં શુભારંભ (સ્થળાંતર) થશે. જેથી તા.૨૮-૦૮-૨૦૨૩ના રોજથી બેંકીંગ સેવાઓ નીચે જણાવેલ સરનામે ઉપલબ્ધ થશે.

**શાખાનું નવું સરનામું**

ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.
૬૧, કર્ણાવતી ડુપ્લેક્ષ, (જીએચબી), શિવ શક્તિનગર, બીઆરટીએસ બસ સ્ટોપ નજીક, ચાંદખેડા, અમદાવાદ
શૈલેષભાઈ આર. પટેલ, શાખા મેનેજર, મો.૯૮૨૪૫ ૦૬૧૧૮

તા.૨૫-૦૮-૨૦૨૩ લિ. જનરલ મેનેજર

હવેથી વધુ આપની નજીક **કુડાસણ** ખાતે

**શ્રી મહાકાલી સ્વીટ્સ**

પેંડા, બરફી, મોહનથાળ, ચોકલેટ બરફી, મગસ, કાજુકતરી, રસગુલ્લા, ગુલાબજાંબુ, કેસર બરફી વગેરે સ્વાદિષ્ટ સ્વીટ મળશે.

તેમજ ગાંઠિયા, સેવ, ચવાણું, સીંગભજીયા, ચણાચોર, મગદાલ વગેરે નમકીન મળશે.

સમોસા, ખમણ, કચોરી, વણેલા ગાંઠિયા, પાતરા ચાઈનીઝ સમોસા, નવતાડ સમોસા, સેવખમણી વગેરે મળશે.

**શ્રી મહાકાલી કેટરર્સ**

ગુજરાતી | પંજાબી | ચાઈનીઝ | કાઠિયાવાડી

વેડીંગ, બેન્કવેટ, બુફેટ, કોર્પોરેટ, બેબી શોવર જેવા દરેક શુભપ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.

Yogeshbhai Dave +91 80001 62577
Jitubhai Dave +91 98259 18253

A-1,2,3, Umiya Complex, Nr. Swaminarayan Dham, Kudasan, Gandhinagar
Write us : shreemahakalicaterers@gmail.com